ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૧ એપ્રિલ, ૨૦૨૫

આસપાસ ગોપાસ

નાની શેરડી ગામના ખેડૂતો ભાઠાની જમીનમાં તમાકુની સામૂહિક ખેતીથી મબલખ કમાણી કરે છે

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

સામુદાયિક મંડળી પાસે સ્વભંડોળ એક કરોડ રૂપિયા છે

મંડળી દ્વારા આ તમામ ખેડૂતોને ખેડ ખાતર પાણી અને બિયારણની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. જેથી ખેડૂતોને ખેતી ખર્ચ માટે નાણાં વ્યાજે કે ઉછીના લેવા પડતા નથી, જ્યારે ખેડૂતો દ્વારા પકવેલ મોલ તૈયાર થઈ જાય છે ત્યારે તેની જાહેર માં પારદર્શક હરાજી કરવામાં આવે છે અને જેના થકી ઉપજના મળેલ નાણાંમાંથી ખેડૂતો 60 ટકા રકમ ચૂકવી આપવામાં આવે છે બાકીની બચેલ 40 ટકા રકમમાંથી ખેડૂતોને આપવામાં આવેલ ખેતી માટેનો ખર્ચ કાપવામાં આવે છે અને વધેલી રકમ ખેડૂતોને બોનસ પેટે ચૂકવી આપવામાં આવે છે. હાલ મંડળી પાસે પોતાનું સ્વભંડોળ એક કરોડ રૂપિયા છે ખેડૂતો માટે 30 ગોડાઉન પણ એકજ સ્થળે બનાવ્યા છે. જ્યારે મંડળીનું વાર્ષિક ટર્ન ઓવર 5 કરોડ છે. મંડળી દ્વારા સ્વભંડોળમાંથી ચાર ગામોમાં અનેક વિકાસના કામો પણ કરવામાં આવે છે. આ સાથે મુશ્કેલીના સમયે ખેડૂતોને જરૂર મુજબ એડવાન્સ નાણાં પણ ચૂકવવામાં આવે છે.

સહકારીતા ક્ષેત્રે આણંદ જિલ્લો વર્ષોથી અગ્રેસર રહ્યો છે. ત્યારે આણંદ જિલ્લામાં સામુહિક એટલે કે સહિયારા પ્રયાસોથી આઝાદી સમયથી નાની શેરડી સહિત પાંચ ગામના ખેડૂતોની મહેનતથી ધમધમતી એક સહકારી મંડળી પણ આવેલી છે. આ મંડળીએ સંપ ત્યાં જંપની કહેવતને સાર્થક કરી રહી છે. મંડળીમાં હાલમાં નાની શેરડી સહીત પાંચ ગામના કુલ 299 ખેડૂતો સહિયારા પ્રયાસોથી ખેતી કરી લાખોની કિમતનું કાચું સોનું ગણાતા તમાકુના પાકની ઉપજ મેળવે છે . વર્ષ 1953માં ભાઠા મંડળીનીં સ્થાપવામાં આવી હતી. આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના ગંભીરા, બોરસદ તાલુકાના કોઠીયાખાડ અને નાની શેરડી તેમજ બીલપાડ ગામના ખેડૂતોએ મળીને "મહીસાગર સામુદાયિક ભાઠા મંડળી"ની સ્થાપના કરી છે. આ મંડળીમાં એક બે નહીં પરંતુ કુલ 299 ખેડૂતો સહિયારા પ્રયાસોથી ખેતી કરી લાખોની ઉપજ મેળવી રહ્યા છે. આઝાદી સમય દરમિયાન મહીસાગર નદી કાંઠે આવેલ 4 ગામની જમીનનું પુર દરમિયાન મોટા પ્રમાણમાં ધોવાણ થયું હતું અને ખેડૂતોને પુરમાં ખરાબ થયેલી જમીનમાં ખેતી કેવી રીતે કરવી એ સવાલ ખટકતો હતો ત્યારે આવા સમયે ગંભીરા ગામના ખેડૂત પુત્ર અને સ્વાતંત્ર્ય સેનાની છગનભાઇ મુળજીભાઈ પટેલને એક વિચાર આવ્યો જેમાં તેમણે મહીસાગર સામુદાયિક ભાઠા મંડળીની સ્થાપના કરી હતી. પૂર દરમિયાન ડૂબાણમાં ગયેલી જમીન સામે મહીસાગર કાંઠે વેરાન જમીનની તત્કાલીન સરકાર સમક્ષ માંગ કરી હતી. ખેડૂતો પ્રત્યેની લાગણીને માન આપી સરકારે 900 એકરની જમીન મંડળીને સુપ્રત કરી હતી. જે વેરાન જમીનને મંડળી સાથે સંકળાયેલ ખેડૂતોએ આકરી મહેનત કરી ખેડાણ લાયક બનાવી અને ખેતીની શરૂઆત કરી હતી.

શરૂઆતમાં ખેડૂતો અને મંડળીને ઘણી સમસ્યા નડી પણ આર્થિક રીતે સક્ષમ એવા મંડળીના સ્થાપક છગનભાઇ પટેલે આર્થિક મદદ કરી ખેડૂતોને ખેતી કરવા પ્રેરણા આપી એક મજબૂત મંડળી બનાવી હતી. હાલ ખેડૂતો જાતે જ સામુહિક રીતે ખેતી કરી ઓછા ખર્ચે મબલખ ઉત્પાદન કરી રહ્યા છે. જેને લઈ આ મંડળી અહીંના ખેડૂતો માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.વર્ષ 1953 માં સ્થાપવામાં આવેલ મહીસાગર ભાઠા મંડળી હાલ એશિયામાં ખેડૂતો દ્વારા સ્થાપવામાં આવેલ એક માત્ર મંડળી છે . જ્યા ખેડૂતો જાતે મહેનત કરી રહ્યા છે. મહીસાગર ભાઠા મંડળી પાસે હાલ 525 એકર જમીન છે. જેમાં 299 ખેડૂતો સામુહિક રીતે ખેતી કરે છે અહીં મુખ્યત્વે તમાકુ, બાજરી, ડુંગળી જેવા પાક ખેડૂતો પકવતા હોય છે. જમીનમાં 14 /14 ખેડૂતોની ટુકડી બનાવવામાં આવી છે આ 14 ખેડૂતો દ્વારા સામુહિક રીતે એક બીજાને સોંપવામાં આવેલ જમીનમાં એક સંપ થઈ મજૂરી કરી પાક પકવતા હોય છે. સૌથી મહત્વની વાત તો એ છે કે આ તમામ ખેડૂતો અલગ અલગ પરિવારના છે. અને તેમ છતાં પણ ઘરેથી ભોજન લઈ અરસપરસ ભેગા મળી ખેતી કામ દરમિયાન એક સાથે બેસી ભોજન કરતા હોય છે.

નાની શેરડી : ગામના નામ સાથે ભાઈચારા અને કૌટુંબિક પરંપરાની પ્રેરણારૂપ અનોખી ગાથા જોડાયેલી છે

બોરસદ તાલુકાનું વિકસતું ગામ

નાની શેરડી

ગામડાંઓના નામોમાં મોટા ભાગે ઈતિહાસ, સંસ્કૃતિ અને લાગણીઓની ઊંડી છાપ છુપાયેલી હોય છે. એવી જ એક રસપ્રદ અને ભાવનાત્મક કથા નાની શેરડી ગામના નામ સાથે સંકળાયેલી છે, જે આજેય ભાઈચારા અને પરિવારિક સંબંધોની જીવંત યાદ અપાવે છે. જૂના સમયમાં મહીસાગર નદીના કિનારે આવેલ વિશાળ વિસ્તારમાં 'કોઠીયાખાડ' ગામની આસપાસ બે ભાઈઓ રહેતા હતા. બંને ભાઈઓ ખૂબ જ એકતા, પ્રેમ અને સહકાર સાથે જીવન વિતાવતા હતા. સમય જતાં તેમનું કુટુંબ વિસ્તરતું ગયું અને સંજોગવશાત મિલકતનું વહેંચાણ કરવાનું નક્કી થયું.

બે ગામોના નામમાં ભાઈઓના સંબંધો અને તેમની વારસાગત યાદો પણ અંકિત થઈ ગઈ

આ વહેંચણી દરમિયાન મોટા ભાઈના ભાગે આવેલો વિશાળ જમીન વિસ્તાર ધીમે ધીમે "મોટી શેરડી" તરીકે ઓળખાવા લાગ્યો. જ્યારે નાના ભાઈના હિસ્સામાં આવેલો વિસ્તાર "નાની શેરડી" તરીકે પ્રચલિત બન્યો. આમ, માત્ર જમીનનું વહેંચાણ જ નહીં, પરંતુ બે ગામોના નામમાં ભાઈઓના સંબંધો અને તેમની વારસાગત યાદો પણ અંકિત થઈ ગઈ. આ કથા માત્ર એક ગામના નામની ઉત્પત્તિ નથી, પરંતુ તે સમયના સામાજિક મૂલ્યો, પરિવાર પ્રત્યેની લાગણી અને સંસ્કૃતિનું પ્રતિબિંબ પણ છે.

નાની શેરડી અને મોટી શેરડી, બંને ગામો આજે પણ પોતાના નામમાં આ ઐતિહાસિક વારસાને જીવંત રાખે છે. આ ગામોના નામ માત્ર ઓળખ નથી, પરંતુ પેઢી દર પેઢી ચાલતી આવતી એક સુંદર પરંપરા અને ભાઈચારા નું પ્રતિક છે. આ રીતે, નાની શેરડી ગામનું નામ માત્ર એક સ્થાન નહીં, પરંતુ એક લાગણીસભર કથા છે, જે સમય સાથે હજુ પણ જીવંત ગાથા સમાન બની રહી છે.

નાની શેરડી ટાઉન ટોક

-: નાની શેરડી ગામનો પરિચય :-

ગામના કુંટુંબોની કુલ સંખ્યા	399
કુલ વસ્તી	2014
કુલ પુરૂષો	1049
કુલ સ્ત્રીઓ	965

-: સાક્ષરતા દર :-

કુલ સાક્ષરતા દર	82.20
પુરૂષ સાક્ષરતા દર	92.12
સ્ત્રી સાક્ષરતા દર	67.40

-: ખેડૂતો :-

ખેડૂતો	155
ખેત મજૂર	386
સીમાંત વર્ગ	238

-: બીપીએલ :-

બીપીએલ કુટુંબ (0 થી 16)	165
બીપીએલ કુટુંબ (17 થી 20)	269

-: પશુધન :-

પશુધન	1522
ગાય	459
ભેંસ	966
અન્ય	97

-: જમીન ક્ષેત્રફળ :-

334 હેક્ટર 84 આરે 93 ચો. મી.
કાયમી ગૌચર અને ચરણ 40 હેક્ટર 91 આરે 40 ચો.મી.

-: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

-: શૈક્ષણિક સગવડ :-

પ્રાથમિક શાળા	01
માધ્યમિક શાળા	01
ઉચ્ચ.માધ્ય. શાળા	01
વિદ્યાર્થીઓ	409

-: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 586

-: વીજળીકરણ :-

રહેણાંક વીજ જોડાણ	526
ઔદ્યોગિક વિષયક જોડાણ	08
ખેતી વિષયક જોડાણ	27

-: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 48

-: સામાજિક સુરક્ષાની વિગતો :-

NFSA કાર્ડ ધારકો	267
BPL કાર્ડ ધારકો	167
અંત્યોદય કાર્ડ ધારકો	054

-: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

-: યોજનાકીય લાભાર્થીઓ :-

વૃદ્ધા પેન્શન	10
વિધવા સહાય	09
આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો	02

મર્યાદિત આવક અને ઓછા સાધનો છતાં સરકારી યોજનાઓ અને જનશક્તિના સહયોગથી ગામ રઢીયામણુ બન્યું

આધુનિક યુગમાં જ્યારે મોટા શહેરો સુવિધાઓ માટે વલખાં મારે છે, ત્યારે આણંદ જિલ્લાનું નાનકડું નાની શેરડી ગામ પોતાની આગવી કોઠાસૂઝ અને મક્કમ નિર્ધારથી વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. આર્થિક મર્યાદાઓ હોવા છતાં, ગ્રામ પંચાયતની દીર્ઘદ્રષ્ટિ અને લોકભાગીદારીને કારણે આ ગામ આજે અન્ય ગામો માટે પ્રેરણારૂપ બન્યું છે. ગ્રાન્ટનો સદુપયોગ અને માળખાગત સુવિધાઓ : નાની શેરડી પાસે પોતાની મોટી આવકના સ્ત્રોત નથી, છતાં ગામના જાગૃત લોકપ્રતિનિધિઓએ સરકારી ગ્રાન્ટનો એવો સચોટ ઉપયોગ કર્યો છે કે ગામનો નકશો બદલાઈ ગયો છે.ગામમાં હવે કાચા રસ્તાઓને સ્થાને RCC રોડ અને વ્યવસ્થિત પગદંડીઓ જોવા મળે છે.ગામના ખુલ્લા ચોગાનમાં સુંદર પેવર બ્લોક નાખીને તેને સુશોભિત કરવામાં આવ્યું છે. સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિને કારણે ગામમાં હંમેશા નિર્મળ વાતાવરણ જોવા મળે છે. ગામની ભાગોળમાં આવેલા વિશાળ અને ઘટાટોપ વૃક્ષો ગ્રામજનો માટે 'કલ્પવૃક્ષ હબ' સમાન છે. દિવસભરના શ્રમ બાદ ગ્રામજનો અહીં કુદરતી છાયામાં હળવાશની પળો માણવા અને પંચાયત કરવા અચૂક ભેગા થાય છે. ગામમાં એક નાનું પણ આત્મનિર્ભર બજાર છે, જે જીવનજરૂરિયાતની તમામ વસ્તુઓ પૂરી પાડે છે. ગામના અગ્રણીઓના જણાવ્યા અનુસાર, અહીંની મહિલાઓ આર્થિક રીતે સદ્ધર બને તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ગામમાં કાર્યરત સખી મંડળો અને સ્વ-સહાય જૂથો દ્વારા મહિલાઓ પોતાની દૈનિક આવકમાંથી નાની-નાની બચત કરે છે. આ જૂથો માત્ર બચત જ નથી કરતા, પરંતુ સભ્યોના નાના-મોટા આર્થિક કામોમાં પણ ખૂબ મદદરૂપ થાય છે.

ગ્રામ પંચાયતના સુકાનીઓ

સરપંચ મીનાબેન વિપુલસિંહ પઢિયાર, ડે.સરપંચ હસમુખભાઈ મનુભાઈ પઢિયાર, સભ્યો - સોનલબેન રંગીતભાઈ પઢિયાર, પંકજકુમાર અરવિંદભાઈ પઢિયાર, સાગરભાઈ ખોડાભાઈ રબારી, કવિતાબેન કલ્પેશભાઈ મકવાણા, મનિષાબેન કિરીટભાઈ પઢિયાર, મનિષાબેન ગીરવતભાઈ મકવાણા, રાજેશભાઈ કંચનભાઈ મકવાણા